# રાજકોટ મહાનગર સેવાસદન

# દબાણ હટાવ વિભાગ(માર્કેટ શાખા)

## ઇ-ટેન્ડર નં.રા.મ.ન.પા./દબાણ હટાવ વિભાગ/૨૦૨૩-૨૪/01

**રાજકોટ મહાનગરપાલિકાના દબાણ હટાવ વિભાગ(માર્કેટ શાખા)ના ગોડાઉનમાં પડેલ ભંગાર માલ-સામાન વેચાણથી આપવાના કામનો દ્વિ-વાર્ષિક રેઇટ કોન્ટ્રાકટ આપવાનું કામ**

| | | |
|---|---|---|
| ૧ | ટેન્ડર ફી (પરત મળવાપાત્ર નથી) | રૂ.૭૫૦/- |
| ૨ | અર્નેસ્ટમની ડીપોઝીટ | રૂ.૧૪,૭૦૦/- |
| 3 | ટેન્ડર ડોકયુમેન્ટ (ટેન્ડર ફી, અર્નેસ્ટમની તથા લાયકાતનાં ડોક્યુમેન્ટસ) મોકલવાની વિગત | સીલબંધ કવરમાં તા.30/09/2023 સુધીમાં એન્ક્રોચમેન્ટ ઓફિસરશ્રી, દબાણ હટાવ વિભાગ, રૂમનં.-૯, ત્રીજો માળ, સેન્ટ્રલ ઝોન, ડો. આંબેડકર ભવન, રાજકોટ મહાનગરપાલિકા, રાજકોટ-3૬0001 ખાતે મોકલાવવાના રહેશે. |
| ૪ | ટેકનીકલ બીડ ખોલવાની તારીખ | તા.03/૧૦/૨૦૨૩ ; ૧૧:00 કલાકે |
| ૫ | વેરીફીકેશન ઓફ ટેકનીકલ બીડ | તા.0૪/૧૦/૨૦૨૩ ; ૧૫:30 કલાક સુધી |
| ૬ | પ્રાઇઝબીડ ખોલવાની સંભવિત તારીખ | તા.0૪/૧૦/૨૦૨૩ ; ૧૬:00 કલાકે |

એન્ક્રોચમેન્ટ ઓફિસર
દબાણ હટાવ વિભાગ
(માર્કેટ શાખા)
રાજકોટ મહાનગરપાલિકા
રાજકોટ
(સંપર્ક : કેપ્ટન પી. જે. બારીયા – મો. ૯૬૮૨૧૨૯૬33)

## રાજકોટ મહાનગરપાલિકાના દબાણ હટાવ વિભાગ(માર્કેટ શાખા)ના ગોડાઉનમાં પડેલ ભંગાર માલ-સામાન વેચાણથી આપવાના કામનો દ્વિ-વાર્ષિક રેઇટ કોન્ટ્રાકટ આપવાનું કામ અંગેની શરતો

સામાન્ય શરતો:

1) બીડરે ટેન્ડર ફી પેટે નેશનલાઇઝડ/શેડયુલ્ડ બેંકનો ડીમાન્ડ ડ્રાફટ "રાજકોટ મહાનગરપાલિકા" **(Rajkot Municipal Corporation) Payable at Rajkot**ના નામનો ટેન્ડર સાથે સામેલ રાખવાનો રહેશે.

2) બીડરે અર્નેસ્ટમની ડીપોઝીટ પેટે નેશનલાઇઝડ/શેડયુલ્ડ બેંકનો ડીમાન્ડ ડ્રાફટ "રાજકોટ મહાનગરપાલિકા" **(Rajkot Municipal Corporation) Payable at Rajkot**ના નામનો ટેન્ડર સાથે સામેલ રાખવાનો રહેશે.

3) ટેન્ડર ફી તથા અર્નેસ્ટમની ડીપોઝીટ ભર્યા વગરના ટેન્ડર ધ્યાન પર લેવામાં આવશે નહી તથા ટેન્ડર રદ ગણવામાં આવશે.

4) જે બીડરનું ટેન્ડર મંજુર થશે, તેમના અર્નેસ્ટમની ડીપોઝીટના નાણા અનામત પેટે રાખી બાકી બીડરના ટેન્ડર સાથે ભરેલ અર્નેસ્ટમની ડીપોઝીટની રકમ અર્નેસ્ટમની ડીપોઝીટની માંગણી કર્યા બાદ પરત કરવા કાર્યવાહી કરવામાં આવશે.

5) સગીરવયની વ્યકિતનું ટેન્ડર સ્વીકારવામાં આવશે નહિં. શંકાસ્પદ કિસ્સામાં વ્યકિતનું ઉંમરનું પ્રમાણપત્ર માંગવામાં આવશે. જે રજુ કરવાનું રહેશે.

6) ભાવ મંજુર કરવા મ્યુનિસિપલ કમિશ્નરશ્રી તથા સ્ટેન્ડીંગ કમિટી, રાજકોટ મહાનગરપાલિકાને મોકલવામાં આવશે. તેમનો નિર્ણય આખરી અને બંધનકર્તા રહેશે.

7) પ્રાઇઝબીડ ખોલ્યા બાદ ટેન્ડર ૧૨૦ દિવસ સુધી માન્ય રહેશે.

8) ભાવ મંજુર થયે બીડરે ટેન્ડરની કીંમત રૂ.૪,૯૦,૦૦૦/- પર ભરવામાં આવેલ ભાવ મુજબ કામગીરીની કુલ કીંમતના ૫% લેખે સિકયોરીટી ડીપોઝીટ જમા કરાવવાની રહેશે. સિકયોરીટી ડીપોઝીટની રકમ રોકડેથી કે ચેકથી ભર્યેના કિસ્સામાં રાજકોટ મહાનગરપાલિકાના હિસાબી શાખામાં રકમ ભર્યા બદલની અસલ પહોંચ રજુ કરી રૂા.૩૦૦/-ના સ્ટેમ્પ પેપર પર કરારનામું કરવાનું રહેશે. બિડરે રાજકોટ મહાનગરપાલિકાની ફેવરમાં સિકયોરીટી ડીપોઝીટની રકમ ભરી કરારનામું દિન-૦૭માં કરી આપવાનું રહેશે. કરારનામાનો મુસદો દબાણ હટાવ વિભાગ માંથી મેળવી લેવાનો રહેશે.

9) બીડર દ્વારા સિકયોરીટી ડીપોઝીટની રકમ એફ..ડી.આર.ના સ્વરૂપમાં આપવામાં આવે તો રાજકોટ ખાતેની નેશનલાઇઝડ/શેડયુલ્ડ બેંકની રાજકોટ મહાનગરપાલિકા તથા બીડરના સંયુકત નામની એફ..ડી.આર. કઢાવી પાછળ રેવન્યુ સ્ટેમ્પ લગાડી તેના પર કોન્ટ્રાકટરશ્રીએ સહી કરી દબાણ હટાવ વિભાગમાં નિયત સમયમાં રજુ કરવાની રહેશે. સિકયોરીટી ડીપોઝીટની રકમ ફિકસ ડીપોઝીટ રીસીપ્ટના માધ્યમથી ભરવાના કિસ્સામાં સિકયોરીટી ડીપોઝીટના કુલ રકમના ૪.૯૦% પ્રમાણેના સ્ટેમ્પ પેપર પર કરારનામું કરવાનું રહેશે. સ્ટેમ્પ અને નોંધણી વિભાગ દ્વારા સ્ટેમ્પ ડયુટીમાં ફેરફાર થશે તો તે આપો આપ બિડરને લાગુ પડશે.

10) બિડર નિયત સમયમાં કરારનામું કરવામાં નિષ્ફળ જશે તો બિડરની અર્નેસ્ટમનીની રકમ જપ્ત કરવામાં આવશે. તેમજ રાજકોટ મહાનગરપાલિકા આ કોન્ટ્રાકટ કોઇ પણ અન્ય કોન્ટ્રાકટરને આપી શકશે.

11) બિડરનું કામ કોન્ટ્રાકટના સમયગાળા દરમિયાન સંતોષકારક જણાશે તો કોન્ટ્રાકટની મુદત પુરી થયે બિડર દ્વારા સીકયોરીટી ડીપોઝીટ પરત કરવા માટેની માંગણી રજુ કર્યા બાદ સીકયોરીટી ડીપોઝીટ પરત આપવાની કાર્યવાહી કરવામાં આવશે.

12) મ્યુનિસિપલ કમિશ્નરશ્રી કોઇ પણ જાતનું કારણ દર્શાવ્યા સીવાય ટેન્ડર રદ કરી શકશે.

13) આ કરાર અંગે કોઇ વાદવિવાદ ઉપસ્થીત થશે તો, તે ફકત રાજકોટ જયુરીશડીકશનમાં જ ચાલી શકશે.

14) ટેન્ડરની કોઇ પણ શરતના ભંગ બદલ રૂ.૫૦૦૦/- (અંકે રૂપિયા પાંચ હજાર) દંડ નાયબ કમિશનરશ્રી કરી શકશે. તે પ્રમાણેની રકમ બિડરે રાજકોટ મહાનગરપાલિકામાં ભરપાઇ કરવાની રહેશે અથવા બિલમાંથી વસુલાત કરવામાં આવશે.

15) આ કોન્ટ્રાકટ દરમ્યાન બિડર દ્વારા કોઇપણ પ્રકારની ગેરરીતી, આચરતા હોવાનું માલુમ પડશે અને રાજકોટ મહાનગરપાલિકાને કોઇ પણ પ્રકારનું આર્થિક નુકશાન થતું હોવાનુ માલુમ પડશે કે તો આ કોન્ટ્રાકટ રદ કરવામાં આવશે, કોન્ટ્રાકટરની સીકયોરીટી ડીપોઝીટ ફોરફીટ કરવામાં આવશે, તથા કોન્ટ્રાકટરને રાજકોટ મહાનગરપાલિકાનાં કામ માટે બ્લેક લીસ્ટ કરવામાં આવશે.

16) ટેન્ડર સંબંધી કોઇ વાંધો હોય તો, બીડરે મ્યુનિસિપલ કમિશ્નરશ્રી, રાજકોટ મહાનગરપાલિકાને લેખિતમાં અરજી કરવાની રહેશે. આ બાબતે કમિશ્નરશ્રીનો નિર્ણય આખરી અને બીડરને બંધનકર્તા રહેશે.

17) આ કામ સંબંધે કોઇ શરતોમાં સમાવેશ થતો ન હોય અથવા સમયાનુસાર કે ચાલુ કામે કોઇ આવી શરતો બાબતે પ્રશ્ન ઉપસ્થીત થાય તો કમિશ્નરશ્રી, રા.મ.ન.પા.નો નિર્ણય અંતિમ રહેશે. તે કોન્ટ્રાકટરશ્રીને બંધનકર્તા રહેશે. સંજોગોવશાત જરૂરિયાત ઉપસ્થીત થાય તો કમિશ્નરશ્રી, રા.મ.ન.પા. આ કોન્ટ્રાકટ રદ કરી શકશે.

18) ટેકનીકલ બીડ (ટેન્ડર ડોક્યુમેન્ટસ)માં જરૂરી લાયકાતનાં ડોક્યુમેન્ટસ, ટેન્ડર ફી અને અર્નેસ્ટમની ડીપોઝીટ રજુ કરેલ હશે અને લાયકાત ધરાવતા હશે એ જ પાર્ટીઓનાં પ્રાઇઝ બીડ ખોલવામાં આવશે.

19) **ટેકનીકલ બીડ (ટેન્ડર ડોક્યુમેન્ટસ) સીલબંધ કવરમાં એન્કોચમેન્ટ ઓફિસરશ્રી, દબાણ હટાવ વિભાગ, રૂમ નં.-૯, ત્રીજો માળ, સેન્ટ્રલ ઝોન, ડો.આંબેડકર ભવન, રાજકોટ મહાનગરપાલિકા રાજકોટ-૩૬૦૦૦૧ને નિયત સમય મર્યાદામાં પહોંચતુ કરવાનું રહેશે. કવર ઉપર "દબાણ હટાવ વિભાગના ગોડાઉનમાં પડેલ ભંગાર માલ-સામાનના રેટ કોન્ટ્રાક્ટનું ટેકનીકલ બીડ" એ પ્રમાણે સ્પષ્ટ લખવાનું રહેશે. નિયત સમય મર્યાદા બાદ મળેલ ટેકનીકલ બીડ માન્ય રહેશે નહીં.**

20) બિડરે ટેન્ડરની વિગત ભરી ટેન્ડર સાથે સામેલ રાખવાની રહેશે.

21) ટેન્ડર ભરનારે ટેકનીકલ બીડમાં રજુ કરેલ તમામ દસ્તાવેજોની નકલો નોટરાઇઝડ / પ્રમાણીત / સ્વ-પ્રમાણીત કરી મોકલવાની રહેશે તથા ટેન્ડરમાં રજુ કરેલ દસ્તાવેજોની ખરાઈ અસલ દસ્તાવેજો સાથે બિડરે વેરીફીકેશન સમયગાળા દરમ્યાન કરાવી જવાની રહેશે.

22) <u>નોન બ્લેક લીસ્ટ થયાનો બોન્ડ</u> : બિડરે ટેન્ડરીંગનાં સમયે ભારતભરમાં ક્યાંય બ્લેક લીસ્ટ ન થયેલ હોવા જોઈએ. બ્લેક લીસ્ટ ન થયાની રૂ.૩૦૦/- ના સ્ટેમ્પ પેપર પર નોટરાઈઝ્ડ બાંહેધરી ટેકનીકલ બીડમાં સામેલ રાખવાની રહેશે.

**<u>ખાસ શરતો:</u>**

1) મટીરીયલવાઈઝ પ્રતિ કિ.ગ્રા.ની અપસેટ કિંમત નીચે મુજબ રાખવામાં આવેલ છે. ભાવ ભરનારે પોતાના ભાવ પ્રાઈઝ બિડમાં અપસેટ કિંમતથી વધુ અથવા બરાબર ટકાવારીમાં આંકડા અને શબ્દોમાં લખવાની રહેશે અને ભાવપત્રકમાં સહી સિક્કા કરી આપવાના રહેશે.

| ક્રમ | આઈટમ | અપસેટ કિંમત પ્રતિ કિ.ગ્રા. |
|---|---|---|
| ૧ | લોખંડ સ્ક્રેપ | રૂ.૩૦/- |
| ૨ | પ્લાસ્ટિક સ્ક્રેપ | રૂ.૨૦/- |
| ૩ | લોખંડ સ્ક્રેપ (રેકડી સાથે) | રૂ.૧૮/- |
| ૪ | બોર્ડ/બેનર/ફ્લેક્ષ ફ્રેમ સાથે | રૂ.૧૫/- |
| ૫ | લાકડાનો સ્ક્રેપ | રૂ.૩/- |

2) સંજોગોવસાત એક કરતાં વધુ બિડર દ્વારા એક સરખા ભાવ રજુ થયે ભાવ મંજુરી માટે કમિશનરશ્રીનો નિર્ણય આખરી રહેશે. જે બીડરને બંધનકર્તા રહેશે.

3) ગોડાઉનમાં રહેલ રેકડી-કેબિનો લોખંડ સ્ક્રેપ (ઉપરોક્ત ક્રમ નં.૩) તરીકે ગણવામાં આવશે.

4) જે પાર્ટીના ભાવ મંજુર થાય એ પાર્ટીએ પોતાના ખર્ચે મટીરીયલ ઉપાડી લેવાનું રહેશે અને રાજકોટ મહાનગરપાલિકા સુચવે તે નજીકના કોમ્પ્યુટરાઈઝ્ડ વે-બ્રિજ ખાતે સ્વ. ખર્ચે વજન કરાવી થયેલ વજન મુજબનું પેમેન્ટ સ્થળ પર ચેક થી કરી આપવાનું રહેશે.

5) પ્રથમ વર્ક ઓર્ડર આપ્યેથી દિન-૪૫માં જણાવ્યા મુજબનો માલ ઉપાડી લેવાનો રહેશે તથા આ કોન્ટ્રાક્ટના ૦૨ વર્ષના સમયગાળા દરમ્યાન સમયાંતરે વિભાગ હસ્તકના ગોડાઉનમાં જમા ભંગાર માલ-સામાનના જથ્થામાં વધારો થતા વિભાગ દ્વારા કોન્ટ્રાક્ટરને જાણ કરવામાં આવતા દિવસ-૩૦માં ભંગાર માલ-સામાન ઉપાડી લેવાનો રહેશે.

6) માલ ઉઠાવવા દરમ્યાન પાર્ટીના કોઈ પણ કર્મચારી-લેબરને કોઈપણ પ્રકારની ઈજા, નુકશાન કે જાનહાની થાય તેની સંપૂર્ણ જવાબદારી કોન્ટ્રાકટરની રહેશે.

7) માલની વેચાણ કિંમત ઉપર ભરવાના થતા સરકારી વેરાઓ ધારાધોરણો મુજબ અલગથી ચુકવવાના રહેશે. જેના આધારો રાજકોટ મહાનગરપાલિકામાં રજુ કરવાના રહેશે ત્યારબાદ જ ડીપોઝીટની રકમ પરત આપવામાં આવશે.

8) આવેલ સૌથી ઉંચા ભાવ (H1) ગ્રાહ્ય રાખવા કે નહી તે અંગે મ્યુનિસિપલ કમિશનરશ્રીનો નિર્ણય આખરી અને અબાધિત રહેશે, જે તમામને બંધનકર્તા રહેશે.

9) ગોડાઉનમાં બંધ હાલતમાં રહેલ જુદા-જુદા વાહનોનો સમાવેશ ભંગારમાં થતો નથી જેથી આ વાહનો પર NOT FOR SALE એવા સ્ટીકર લગાવેલ હશે, આ વાહનો વેચાણ થી આપવામાં આવશે નહી.

10) બિડર આ કોન્ટ્રાકટ અન્ય કોઇને પેટામાં આપી શકશે નહી. અને જો પેટામાં કોન્ટ્રાકટ આપી દીધેલ માલુમ પડશે તો જરુર જણાયે કોન્ટ્રાકટ રદ કરવામાં આવશે.

11) આ કામગીરીનો કોન્ટ્રાકટનો સમયગાળો ૨ (બે) વર્ષનો રહેશે. બે વર્ષ પુરા થયા બાદ નવો કોન્ટ્રાકટ આપવામાં કોઇ પણ કારણસર મોડુ થશે તો કોન્ટ્રાકટ વધુ ૦૬ માસ સુધી લંબાવી શકાશે. લંબાયેલ મુદત દરમિયાન મંજુર થયેલ ભાવ મુજબ જ કામગીરી કરવાની રહેશે.

**નાયબ કમિશનર**
**રાજકોટ મહાનગરપાલિકા**

<u>લાયકાતની વિગત (ટેન્ડર સાથે ટેકનીકલ બીડમાં સામેલ રાખવાના રહેશે):</u>

1) બીડરે ટેન્ડર ફી પેટે રૂા.૭૫૦/- (અંકે રૂપિયા સાતસો પચાસ પુરા)નો નેશનલાઇઝડ/શેડયુલ્ડ બેંકનો ડીમાન્ડ ડ્રાફટ "રાજકોટ મહાનગરપાલિકા" **(Rajkot Municipal Corporation) Payable at Rajkot**ના નામનો ટેન્ડર સાથે સામેલ રાખવાનો રહેશે.

2) બીડરે અર્નેસ્ટમની ડીપોઝીટ પેટે રૂા.૧૪,૭૦૦-/- (અંકે રૂપિયા ચૌદ હજાર સાતસો પુરા)નો નેશનલાઇઝડ /શેડયુલ્ડ બેંકનો ડીમાન્ડ ડ્રાફટ "રાજકોટ મહાનગરપાલિકા" **(Rajkot Municipal Corporation) Payable at Rajkot**ના નામનો ટેન્ડર સાથે સામેલ રાખવાનો રહેશે.

3) જી.એસ.ટી. રજીસ્ટ્રેશન સર્ટીફિકેટની નકલ સામેલ રાખવાની રહેશે.

4) બિડરે આ પ્રકારની કામગીરી એટલે કે કોઇ પણ સરકારી, અર્ધસરકારી સંસ્થા, મહાનગરપાલિકા કે નગરપાલિકામાંથી ભંગાર માલ-સામાન વેચાણ થી ખરીદ કરવા અંગેનો ૧ વર્ષના અનુભવનું પ્રમાણપત્ર સામેલ રાખવાનું રહેશે.

5) બિડરે છેલ્લા સાત નાણાંકીય વર્ષમાં ઓછામાં ઓછું રૂ.૨,૪૫,૦૦૦/-(અંકે રૂપિયા બે લાખ પીસ્તાલીસ હજાર)પુરાનું એવરેજ વાર્ષિક ટર્ન ઓવરનું સી. એ. નું પ્રમાણપત્ર સામેલ રાખવાનું રહેશે.

6) બિડર ટેન્ડરીંગનાં સમયે ભારતભરમાં ક્યાંય બ્લેક લીસ્ટ ન થયેલ હોવા જોઈએ. બ્લેક લીસ્ટ ન થયાની રૂ.૩૦૦/- ના નોન-જ્યુડીસીઅલ સ્ટેમ્પ પેપર પર નોટરાઈઝ્ડ બાંહેધરી ટેકનીકલ બીડમાં સામેલ રાખવાની રહેશે.

નાયબ કમિશનર
રાજકોટ મહાનગરપાલિકા

# બીડરની વિગત

| | | | |
|---|---|---|---|
| ૧ | ૧ | બીડરનું નામ | |
| | ૨ | સરનામું | |
| | 3 | ટેલીફોન નંબર તથા મોબાઇલ નં. | |
| | | | |
| ૨ | | રા.મ.ન.પા.એ કોન્ટ્રાકટ માટે જેની સાથે સંપર્ક કરવાનો થાય તેની માહિતી | |
| | ૧ | નામ | |
| | ૨ | સરનામું | |
| | 3 | ટેલીફોન નંબર | |
| | ૪ | મોબાઇલ નં. | |
| | ૫ | ફેકસ નંબર/ઇ-મેઇલ | |
| | | | |
| 3 | | ટેન્ડરમાં સહી કરનારની વિગત | |
| | ૧ | નામ | |
| | ૨ | સરનામું | |
| | 3 | ટેલીફોન નંબર | |
| | ૪ | મોબાઇલ નં. | |
| | ૫ | ફેકસ નંબર/ ઇ-મેઇલ | |

બીડરની સહી - સીક્કો

# બીડરના અનુભવની વિગત

અમો બીડરશ્રી .............................................................................................................,
રહેવાસી ................................................................................................ નીચે મુજબ ભંગાર માલ-સામાન વેચાણથી ખરીદ કરવાના કામનો અનુભવ ધરાવીએ છીએ. જેની વિગત નીચે મુજબ છે.

| ક્રમ | ભંગાર માલ-સામાન વેચાણથી ખરીદ કરેલનું સ્થળ તથા સરનામુ | સમયગાળો | નોંધ |
|---|---|---|---|
| ૧ | | | |
| ૨ | | | |
| ૩ | | | |
| ૪ | | | |
| ૫ | | | |

ઉપરોકત અનુભવના આધાર તરીકે આ કામગીરીના અનુભવના પ્રમાણપત્રની પ્રમાણીત નકલ આ સાથે સામેલ છે.

બીડરની સહી - સીક્કો

## -:: પ્રાઈઝ શેડ્યુલ્ડ (ભાવ પત્રક) ::-

| ક્રમ | આઈટમ | અપસેટ કિંમત પ્રતિ કિ.ગ્રા. | ભાવની ટકાવારી (વધુ અથવા બરાબર) |
|---|---|---|---|
| ૧ | ૨ | ૩ | ૪ |
| (૧) | લોખંડ સ્ક્રેપ | રૂ.૩૦/- | |
| (૨) | પ્લાસ્ટિક સ્ક્રેપ | રૂ.૨૦/- | |
| (૩) | લોખંડ સ્ક્રેપ (રેકડી સાથે) | રૂ.૧૮/- | |
| (૪) | બોર્ડ/બેનર/ફ્લેક્ષ ફ્રેમ સાથે | રૂ.૧૫/- | |
| (૫) | લાકડાનો સ્ક્રેપ | રૂ.૩/- | |

**NOTE ON PRICE SCHEDULE:**

1) ઉપરોક્ત પ્રાઈઝ શેડ્યુલ્ડમાં દર્શાવવામાં આવેલ તમામ આઈટમો માટે અપસેટ કિંમતથી વધુ અથવા બરાબર ભાવ કોલમ-૪માં ટકાવારીમાં દર્શાવવાનાં રહેશે.

2) ભરવામાં આવનાર ભાવ જી.એસ.ટી. સહિતનાં રહેશે.

3) ભરવામાં આવનાર ભાવ ૨ વર્ષ સુધી ફિક્સ રહેશે. તેમાં વધારો કે ઘટાડો કરવામાં આવશે નહી.

4) મુખ્ય કવરની અંદર અલગ થી બંધ કવરમાં ભાવ પત્રક(પ્રાઈઝ શેડ્યુલ્ડ) રજુ કરવાનું રહેશે.

નાયબ કમિશનર
રાજકોટ મહાનગરપાલિકા

(રૂ. 300/- ના સ્ટેમ્પ પેપર ઉપર સોગંદનામું કરાવવાનો નમુનો)

## સોગંદનામું

અમો શ્રી____________________________________હોદો __________________ ઉંમર/વર્ષ: ________, ધંધો/સંસ્થા: ________________________________ , રહેણાંકનું સરનામું ______________________________________________________________છે. હું મારા ધર્મ ના સોંગદ ઉપર જાહેર કરૂ છુ કે

(1) હું સંસ્થા :______________________________માં હોદો: ____________________તરીકે છું,અને હું આ સંસ્થા વતી સોગંદનામું કરવા માટે અધિકૃત / સક્ષમ છું.

(2) અમો રાજકોટ મ્યુનિસિપલ કોર્પોરેશન દ્વારા પ્રસીધ્ધ કરવામા આવેલ ટેન્ડર આઈડી નં. __________ કામનું નામ: ___________________________________________________ માં ભાગ લેવા માંગીએ છીએ તથા ટેન્ડર ભરેલ છે.

(3) અમોએ ટેન્ડરની બધી શરતો વાંચી અને સમજી લીધી છે અને તે અમો / અમોની સંસ્થા / પેઢીને સ્વિકાર્ય છે

(4) અમો પ્રમાણીત કરી સોગંદનામું કરી આપીએ છીએ કે સમગ્ર દેશમાં કોઇપણ સરકારી / અર્ધ સરકારી / સરકારની સ્વાયત સંસ્થા દ્વારા અમોએ કરાર કરેલ હોય તેવા કોઇપણ કામ માટે અમો / અમોની પેઢી / સંસ્થાને કોઇપણ કામના ટેન્ડરમાં ભાગ લેવા માટે બ્લેક લીસ્ટ કરવામાં આવેલ નથી કે કોઇપણ કામો કરવા માટે પ્રતીબંધ લગાવવામાં આવેલ નથી.

(5) અમોએ રજુ કરેલ તમામ વિગતો સાચી અને ખરી છે. જે હું સત્ય પ્રતિજ્ઞા ઉપર જાહેર કરું છું. અમો એ પણ જાણીએ છીએ કે ખોટુ સોગંદનામું કરવુ કે ખોટું નિવેદન આપવું એ ગુનાહિત કૃત્ય છે.

તારીખ:.........................

સ્થળ:............................

(અરજદારની સહી)